BY EMAIL

ક્રમાંક/માધ્ય/પરચ/૨૦૧૯/26348-82
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૧૩/૦૯/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય: રાજ્યની માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં લાઇફ મિશન સંસ્થા દ્વારા વિનામૂલ્યે અપાતાં યોગ અને યોગ શિક્ષણ અંગે જરૂરી સાથ સહકાર આપવા બાબત

સંદર્ભ : ઉપ પ્રમુખશ્રી, સંસ્કૃતિ પુનરુત્થાન, લાઇફ મિશન તા.૨૭/૦૮/૧૯ની રજુઆત

સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે, લાઇફ મિશન સંસ્થા વિનામૂલ્યે યોગ અંગે શિક્ષણ આપવાં માંગે છે તેમજ લાઇફ મિશન અને યુનિવર્સિટીની નિષ્ણાંત ટીમ જીલ્લે જીલ્લે , શાળાએ શાળાએ જઈ, ભારતીય સંસ્કૃતિ તેમજ યોગ વિષેનું સાચું જ્ઞાન, સમજ અને યોગાભ્યાસની સાચી વૈજ્ઞાનિક પદ્ધતિની વિગતો બાળકો અને શિક્ષકોને આપવા માંગે છે. ઉક્ત બાબતે સદર સંસ્થા આપશ્રીનો સંપર્ક કરે ત્યારે તેમજ કાર્યક્રમ કરવા ઇચ્છે ત્યારે અને તે જગ્યાએ જરૂરી સાથ સહકાર આપવા વિનંતી છે.

માન.નિયામકશ્રીના મૌખિક આદેશ અનુસાર.

ક્રમાંક/ ૪૩૨૯૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.
તારીખ : ૨૬/૦૯/૨૦૧૯.

- નકલ રવાના જાણ તથા અમલ સારું.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, મા. અને
ઉ.મા શાળાઓ તમામ.

Scanned by CamScanner

# LIFE Mission

## Lakulish International Fellowship's Enlightenment Mission

Regi. # E/643, Surendranagar. Dt. 26.03.1996
Rajrajeshwardham, N.H. No. 48, Nr Village Jakhan, Umbdi - 363 421 Dist : Surendranagar. Guj. India.
life_mission@hotmail.com
www.lifemission.org

Swami Rajarshi Muni
Founder Spiritual Head
& Chairman

K. Jadeja
President

Kr. Fateh Singh Jasol
(IAS Retd.)
Exec. Vice President

R. V. Chudasama
Vice President
Culture Restaration

Haribhai Patel
Vice President
Financial Resources

Ashoksinh Gohil
Secretary & C.A.O.
+91 98794 44435
+91 94269 20907
E-mail :
Secretary_LIFE_Mission@
hotmail.com

તા. ૨૭/૦૮/૨૦૧૯

પ્રતિ
શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા,
માનનીય શિક્ષણમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

આદરણીય સાહેબશ્રી,

વિષયઃ રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં યોગ અને યોગ શિક્ષણનો વિનામૂલ્યે પ્રચાર-પ્રસાર કરવા પરવાનગી આપવા બાબત.

લકુલીશ ઈન્ટરનેશનલ ફેલોશીપ્સ એનલાઈટનમેન્ટ મિશન (લાઈફ મિશન), લકુલીશ યોગ યુનિવર્સિટી, લકુલીશ યોગ વિદ્યાલય અને પ.પૂ.રાજર્ષિ મુનિજી વિશ્વકક્ષાએ યોગનો પર્યાય છે તે વાતથી આપ અને સમગ્ર શિક્ષણ જગત પરિચિત જ છો. યોગ માટે પૂ. રાજર્ષિ મુનિજીને તાજેતરમાં જ ભારતનું સન્માન પ્રાપ્ત થયું તે આપણાં વડાપ્રધાનશ્રીની યોગ અને નવી પેઢીમાં તેના શિક્ષણ વડે માનવજીવનના મૂળમાંથી જ કલ્યાણ કરવાની ઉદાત્ત ભાવનાનું દર્શન છે.

ગુજરાતની પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં યોગનું શિક્ષણ આપવામાં આવે છે પરંતુ તે વધુ વૈજ્ઞાનિક બને તે જરૂરી છે. અમારી લાઈફ મિશનની અને યુનિવર્સિટીની નિષ્ણાંત ટીમ જીલ્લે-જીલ્લે, શાળાએ શાળાએ જઈ, ભારતીય સંસ્કૃતિ તેમજ યોગ વિષેનું સાચુ જ્ઞાન, સમજ અને યોગાભ્યાસની સાચી વૈજ્ઞાનિક પદ્ધતિની વિગતો બાળકો અને શિક્ષકોને આપવા માંગીએ છીએ. આ માટે એક સામાન્ય પરિપત્ર શિક્ષણ વિભાગ દ્વારા અથવા તો નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ તેમજ કમિશનરશ્રી શાળાઓ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે કે, અમો અમારી સંસ્થા આ હેતુ માટે જ્યારે જ્યારે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી તેમજ જિલ્લા શિક્ષણ અધિકારીનો સંપર્ક કરીએ ત્યારે અમોને આ માટે સંપૂર્ણ સહકાર મળે. તેમના દ્વારા પણ જિલ્લાઓની સરકારી-પ્રાઇવેટ શાળાઓને આ માટે જરૂરી સુચના અપાઈ જાય તેવી વ્યવસ્થામાં આપ સહભાગીદાર બનો તે પણ ખૂબ જ મોટો સુયોગ ભવિષ્યમાં સાબિત થશે.

જય ભગવાન

આપનો
(આર.વી.ચુડાસમ)
ઉપ પ્રમુખ, સંસ્કૃતિ પુનરુત્થાન
લાઈફ મિશન

Scanned by CamScanner